## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળના બોર્ડ/નિગમો

* 15/4/1420: **શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળના અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અન્ય વર્ગ/જાતિઓના વિકાસ માટે કયા બોર્ડ/નિગમો આવેલા છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળના અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અન્ય વર્ગ/જાતિઓના વિકાસ માટે નીચે મુજબના બોર્ડ/નિગમો આવેલા છે.<br>૧. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ<br>૨. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)<br>૩. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ<br>૪. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ<br>૫. ગુજરાત અલ્સંખ્યક નાણાં અને વિકાસ નિગમ<br>૬. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ<br>૭. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ<br>૮. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ<br>૯. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ<br>૧૦.ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે અંદાજપત્ર ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં ઉક્ત બોર્ડ/નિગમવાર કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી, | (૨) | પત્રક મુજબ |
| (૩) ઉક્ત વર્ષવાર કરવામાં આવેલ નાણાકીય જોગવાઈ અન્વયે બોર્ડ/નિગમવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૩) | |
| (૪) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત બોર્ડ/નિગમવાર કેટલી રકમ મુખ્યત્વે કયા કારણોસર વણવપરાયેલી રહી? | (૪) | |

## પત્રક

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:15/4/1420

(રકમ રૂા. કરોડમાં)

| ક્રમ | નિગમ–બોર્ડનું નામ | વર્ષ | નાણાકીય જોગવાઈ | નાણાકીય જોગવાઈ પૈકી ફાળવવામાં આવેલ રકમ | વણવપરાયેલ રકમ | રકમ વણવપરાયેલ રહેવાના કારણો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૨૪.૭૧ | ૧૭.૯૧ | ૭.૦૭ | યોજનાકીય ધિરાણ માટે વર્તમાન પત્રમાં જાન્યુઆરી–૨૦૨૨ તથા જુલાઈ–૨૦૨૩માં જાહેરાત આપી અનુક્રમે વર્ષ ૨૦૨૧–૨૨ તથા વર્ષ ૨૦૨૨–૨૩માં અરજીઓ મેળવેલ છે. જે પૈકી વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં મળેલ અરજીઓનો કોમ્પ્યુટરરાઇઝ્ડ ડ્રો કરી અનુક્રમે રૂા.૫.૮૪ કરોડ અને રૂા.૩.૨૩ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. તેમજ બાકી રહેતી રકમનો ખર્ચ ટૂંક સમયમાં કરવામાં આવનાર છે. |
| | | ૨૦૨૨–૨૩ | ૧૬.૦૫ | ૧૩.૦૦ | ૬.૭૭ | |
| ૨ | ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) | ૨૦૨૧–૨૨ | ૮.૦૦ | ૮.૦૦ | ૩.૮૭ | વર્ષ ૨૦૨૧–૨૨માં કોવિડ–૧૯ની સંવેદનશીલ પરિસ્થિતી દરમ્યાન અરજદારો દ્વારા સાધનિક પુરાવા રજૂ કરેલ ન હોય યોજનાકિય ધિરાણ થઇ શકેલ ન હોય રકમ વણવપરાયેલ રહેલ છે. |
| | | ૨૦૨૨–૨૩ | ૭.૫૦ | ૭.૫૦ | ૫.૬૬ | યોજનાકિય ધિરાણ માટે જાહેરાત આપી ઓનલાઇન અરજીઓ મેળવેલ છે. જેનો ડ્રો કરી લોન એગ્રીમેન્ટ મેળવી ધિરાણની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. |
| ૩ | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૨૫.૨૫ | ૨૫.૨૫ | ૦.૦૦ | સીધા ધિરાણ યોજનાની મંજૂરી તા.૦૮/૧૧/૨૦૨૩ના રોજ મળેલ હોય વણવપરાયેલ છે જેનો ખર્ચ ટૂંક સમયમાં કરવામાં આવનાર છે. **(વર્ષ ૨૦૨૨–૨૩)** |
| | | ૨૦૨૨–૨૩ | ૨૭.૫૪ | ૨૭.૫૪ | ૨.૩૦ | |
| ૪ | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૪૫૭.૦૫ | ૪૫૭.૦૫ | ૩૯.૨૧ | (૧) કોવિડ–૧૯ની પરિસ્થિતિને કારણે વિઝા માટે એમ્બેસીઓ બંધ હોઇ તેમજ લોકડાઉનને લીધે લોન યોજનાઓ હેઠળ અરજદારો દ્વારા ધિરાણ અર્થે સાધનિક પૂરાવાઓ રજૂ કરવામાં વિલંબ થયેલ હોવાના કારણે લાભાર્થીઓને યોજનાકીય ધિરાણ થઇ શકેલ ન હોવાથી રકમ વણવપરાયેલ રહેલ છે. વધુમાં, શાળા/કોલેજોમાં ઓફલાઇન શિક્ષણ કાર્ય બંધ હોઇ સહાય યોજનાની નવીન અરજીઓ મેળવી શકાયેલ ન હોઇ જેના લીધેપણ રકમ વણવપરાયેલ રહેલ છે.<br>(૨) રાષ્ટ્રીય નિગમ નવી દિલ્હી પાસેથી ફંડ મેળવેલ ન હોવાથી રકમ વણવપરાયેલ રહેલ છે. |
| | | ૨૦૨૨–૨૩ | ૫૦૭.૦૦ | ૫૦૭.૦૦ | ૦.૪૦ | |
| ૫ | ગુજરાત અલ્સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૧૬.૧૬ | ૧૬.૧૬ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૨૦.૨૫ | ૨૦.૨૫ | ૧.૩૯ | |
| ૬ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૧૪.૯૧ | ૧૪.૯૧ | ૨.૦૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૨૨.૩૯ | ૨૨.૩૯ | ૨.૯૯ | |
| ૭ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૨૬.૦૯ | ૨૬.૦૯ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૫૨.૮૫ | ૫૨.૬૫ | ૦.૦૦ | |
| ૮ | ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૮.૪૯ | ૮.૪૯ | ૦.૪૭ | |
| | | ૨૦૨૨–૨૩ | ૧૪.૪૨ | ૧૪.૪૨ | ૨.૪૦ | |
| ૯ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૭.૫૧ | ૭.૫૦ | ૦.૦૧ | |
| | | ૨૦૨૨–૨૩ | ૧૩.૪૪ | ૧૩.૪૪ | ૦.૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૬.૩૪ | ૬.૩૪ | ૦.૩૪ | વર્ષ ૨૦૨૨-૨૩ માં મુદ્દતી ધિરાણ યોજના અન્વયે લાભાર્થીઓ દ્વારા  દસ્તાવેજીકરણની પ્રક્રિયા પ્રગતિમાં છે જે પૂર્ણ થયે સહાય ચુકવી દેવામાં આવશે. |
| | | ૨૦૨૨-૨૩ | ૭.૮૫ | ૫.૭૧ | ૩.૨૯ | |

- - - - - - - - - - - - - -